# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) સરકારે રાજ્યોને વાણિજ્યિક LPGની વધુ 20 ટકા ફાળવણીને મંજૂરી આપી

2) સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો MSMEs ઉત્પાદકો અને નિકાસકારોને પ્રોત્સાહન આપવા માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજનામાં મોટા ફેરફારો કર્યા

3) ભારત વિધ્યુત શિખર સંમેલન 2026ના ત્રીજા દિવસે નવી દિલ્હીમાં ભારત-આફ્રિકા વ્યૂહાત્મક ભાગીદારી બેઠક યોજાઇ

4) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે કે તે 48 કલાકમાં હોર્મુંઝ સ્ટ્રેટ ખોલશે નહીં તો અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર વિનાશક હુમલો કરી તેને સંપૂર્ણ નષ્ટ કરશે

5) ઈન્ડિયન ઓપન - PSA સ્ક્વોશ ટૂર કોપર સ્પર્ધાની મહિલા સિંગલ્સની ફાઇનલમાં અનાહત ઇજિપ્તની હાના મોઆતાઝ સામે જ્યારે પુરુષ સિંગલ્સમાં ભારતના વીર ચોત્રાનો અભય સિંહ સામે મુકાબલો થશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. GOVT-LPG

સરકારે રાજ્યોને વાણિજ્યિક LPG ની વધુ 20 ટકા ફાળવણીને મંજૂરી આપી છે, આ પુરવઠો રેસ્ટોરાં, ઢાબા, હોટલ, ઔદ્યોગિક કેન્ટીન, ડેરી, સબસિડીવાળી કેન્ટીન અને રાજ્ય અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત અન્ય ક્ષેત્રોને પ્રાથમિકતા પર આપવામાં આવશે.

આ સંદર્ભમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ નીરજ મિત્તલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખીને જણાવ્યું છે કે આ ફાળવણી સોમવારથી લાગુ થશે. પત્રમાં, તેમણે કહ્યું કે તમામ વાણિજ્યિક અને ઔદ્યોગિક LPG ગ્રાહકોએ કુલ 50 ટકા ફાળવણીમાંથી કોઈપણ વાણિજ્યિક LPG ફાળવવા માટે લાયક બનતા પહેલા ઓઇલ માર્કેટિંગ કંપનીઓ-OMCs સાથે નોંધણી કરાવવી પડશે.

સરકારે નાગરિકોને ખાતરી આપી કે પેટ્રોલ, ડીઝલ અથવા LPG ની કોઈ અછત નથી, એક નિવેદનમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે, રિફાઇનરીઓમાંથી સ્થાનિક LPG ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશનને વાણિજ્યિક સ્થાપનાઓ માટે PNG કનેક્શનને પ્રાથમિકતા આપવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત, મુખ્ય શહેરો અને શહેરી વિસ્તારોમાં વાણિજ્યિક LPG ગ્રાહકોને PNG પર સ્વિચ કરવાની સલાહ આપવામાં આવે છે.

સરકારે રાજ્યોને સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, LPG સંગ્રહખોરી અને કાળાબજારને રોકવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દરોડા ચાલુ છે.

# MCGS-MODIFICATIONS

સરકારે અંદાજપત્ર 2025-26 ને અનુરૂપ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો MSMEs ઉત્પાદકો અને નિકાસકારોને પ્રોત્સાહન આપવા માટે મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજનામાં મોટા ફેરફારો કર્યા છે.

મ્યુચ્યુઅલ ક્રેડિટ ગેરંટી યોજના પાત્ર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો દ્વારા મશીનરી ઉપકરણ ખરીદી માટે 100 કરોડ સુધીની ટર્મ લોન પર 60 ટકા ગેરંટી કવરેજ પૂરું પાડે છે. નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ દ્વારા સમર્થિત, આ યોજના ગેરંટી દ્વારા બેંકો પાસેથી ક્રેડિટ મેળવવાની સરળ સુવિધા આપે છે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુધારેલી યોજના હેઠળ પાંચ ટકા એડવાન્સ યોગદાન ચોથા વર્ષ બાદ હપ્તામાં ચૂકવવાપાત્ર છે. આ યોગદાનનો એક ટકા સંતોષકારક ક્રેડિટ કામગીરી પર ચોથા વર્ષથી વાર્ષિક ધોરણે ચૂકવવામાં આવશે.

# INDIA-AFRICA ELECTRICITY SUMMIT

ભારત વિધ્યુત શિખર સંમેલન 2026ના ત્રીજા દિવસે ગઈકાલે ભારત-આફ્રિકા વ્યૂહાત્મક ભાગીદારી બેઠક નવી દિલ્હીમાં યોજાઈ હતી.

ઉર્જા મંત્રી મનોહર લાલની અધ્યક્ષતામાં આ બેઠકમાં ઉર્જા અને નવીનીકરણીય ઉર્જા રાજ્યમંત્રી શ્રીપદ નાઈક, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની, મલાવીના ઉર્જા અને ખાણ મંત્રી ડૉ. જીન મથાંગા સહિત અનેક આફ્રિકન દેશોના મંત્રીઓ અને ઉદ્યોગ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ચર્ચાઓમાં નક્કર, પરિણામલક્ષી, માળખાગત અને કાર્યલક્ષી ભાગીદારી દ્વારા ભારત-આફ્રિકા સહયોગને મજબૂત બનાવવા પર સંમતિ સધાઈ હતી. ઉર્જા મંત્રી મનોહર લાલે "એક સૂર્ય, એક વિશ્વ, એક ગ્રીડ" ના વિઝનનો ઉલ્લેખ વૈશ્વિક ઉર્જા જોડાણ માટે પરિવર્તનકારી પગલા તરીકે કર્યો હતો. તેમણે એ પણ નોંધ્યું હતું કે ભારત અને આફ્રિકા વૈશ્વિક વસ્તીના લગભગ એક તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે અને સમાવિષ્ટ, સમાન અને ટકાઉ ભવિષ્યના વિકાસ માટે સામાન્ય આકાંક્ષાઓ શેર કરે છે.

# PUDUCHERRY-BJP LIST

ભારતીય જનતા પાર્ટીએ પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે જેમાં ફાળવેલ 10 માંથી 9 બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરાઇ છે. યાદીમાં ગૃહમંત્રી નમસિવયમ મન્નાડીપેટથી, પ્રદેશ અધ્યક્ષ વી.પી. રામલિંગમ રાજભવનથી, મંત્રી જોન કુમાર મુદલિયારપેટથી અને વિધાનસભા અધ્યક્ષ આર. સેલ્વમ મનવેલીથી ઉમેદવાર બનાવ્યા છે.

દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે અત્યાર સુધીમાં કુલ 135 ઉમેદવારીપત્રો ભરાયા છે. મુખ્યમંત્રી એન. રંગાસામી, મંત્રી અને વિપક્ષના નેતા આર. શિવ સહિત અનેક અગ્રણી નેતાઓએ પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે.

# BJP- KERALAM 3RD LIST

ભાજપે કેરલમ વિધાનસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં કોવલમ વિધાનસભા મતવિસ્તારમાંથી ટી.એન. સુરેશ, પીરુમાડે બેઠક પર વી. રતીશ, માવેલિક્કારાથી અજીમોન, અરુવિક્કારાથી વિવેક ગોપન અને ચાવરાથી કે.આર. રાજેશ ઉમેદવાર બનાવાયા છે. 140 સભ્યોની કેરલમ વિધાનસભા માટે નવમી એપ્રિલે મતદાન અને ચોથી મેના રોજ મતગણતરી થશે.

# BJP-ASSAM 2ND LIST

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ આસામમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે બે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. યાદી અનુસાર શ્રીમતી કૃષ્ણા સાહા દલગાંવ વિધાનસભા મતવિસ્તારમાંથી અને જીવન ગગોઈ સિસીબરગાંવ મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## TRUMP ULTIMATUM – IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે કે જો તેહરાન 48 કલાકની અંદર હોર્મુઝ સ્ટ્રેટ ખોલશે નહીં, તો અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ્સ પર વિનાશક હુમલો કરશે અને તેમને સંપૂર્ણપણે નષ્ટ કરશે. ટ્રમ્પે આજે સવારે એક સોશિયલ મિડીયા પર આ અલ્ટીમેટમ જારી કર્યું, જેમાં ઈરાનને મહત્વપૂર્ણ જળમાર્ગ ખોલવા માટે 48 કલાકનો સમય આપવામાં આવ્યો. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા વિવિધ ઈરાની પાવર પ્લાન્ટ્સને નિશાન બનાવશે, જેમાં સૌથી મોટા પાવર પ્લાન્ટનો સમાવેશ થાય છે.

બીજી પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું કે ઈરાન સોદો ઇચ્છે છે પરંતુ તે તેના પક્ષમાં નથી. તેમણે કહ્યું કે અમેરિકાએ નિર્ધારિત સમય કરતાં ઘણા અઠવાડિયા પહેલા જ તેના લક્ષ્યો પ્રાપ્ત કરી લીધા છે.

# IAEA - DIMONA

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીએ જણાવ્યું હતું કે તે ઇઝરાયલી શહેર ડિમોના પર મિસાઇલ હુમલાથી વાકેફ છે. જોકે નેગેવ સ્થિત પરમાણુ સંશોધન કેન્દ્રને નુકસાનના કોઈ સંકેતો મળ્યા નથી. એજન્સીએ એમ પણ જણાવ્યું હતું કે પ્રાદેશિક દેશો પાસેથી મળેલી માહિતીના આધારે ક્યાંય પણ અસામાન્ય સ્તરનું રેડિયેશન જોવા મળ્યું નથી.

તેમાં ઉમેર્યું હતું કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીના ડિરેક્ટર જનરલ રાફેલ મારિયાનો ગ્રોસી પરિસ્થિતિ પર ખાસ નજર રાખી રહ્યા છે. એજન્સીએ પરમાણુ પ્લાન્ટની આસપાસ મહત્તમ લશ્કરી સંયમ રાખવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# MORN. SQUASH

સ્ક્વોશમાં વર્તમાન ચેમ્પિયન અનાહત સિંહે ગઈકાલે મુંબઈમાં ઈન્ડિયન ઓપન - PSA સ્ક્વોશ ટૂર કોપર સ્પર્ધાની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં તન્વી ખન્નાને 3-1થી પરાજય આપ્યો. અનાહત આજે ફાઇનલમાં ઇજિપ્તની હાના મોઆતાઝ સામે રમશે.

પુરુષ સિંગલ્સમાં ભારતના વીર ચોત્રાનીએ મલેશિયાના સંજય જીવાને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. વીરનો આજે અભય સિંહ સામે મુકાબલો થશે. અભય સિંહે ગઈકાલે સાંજે સેમિફાઇનલમાં મલેશિયન ખેલાડીને હરાવ્યો હતો.

# CRICKET - IND VS IRE

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે જૂનમાં આયર્લેન્ડમાં રમાનાર બે મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે ભારતીય ક્રિકેટ ટીમનું સમયપત્રક જાહેર કર્યું છે. ભારતીય ટીમ 26 જૂને બેલફાસ્ટમાં પહેલી મેચ રમશે. બીજી અને છેલ્લી T20 આંતરરાષ્ટ્રીય મેચ 28 જૂને બેલફાસ્ટમાં રમાશે.

*************************************************

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

- આજના મોટાભાગના અખબારોએ ઈરાનના અણુ પ્લાન્ટ પરના હુમલાને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- નવ-ગુજરાત સમય લખે છે ઈરાનના નાતાંઝ અણુપ્લાન્ટ પર હવાઈ હુમલો, વધુ તીવ્ર હુમલા કરવાની ઇઝરાયેલની ચેતવણી
- દિવ્ય-ભાસ્કર લખે છે ઈરાની પરમાણુ પ્લાન્ટ પર હુમલો, જવાબમાં ચાર હજાર  કિલોમીટર દૂર અમેરિકાના ઠેકાણા પર 2 મિસાઇલ છોડી
- બે મોઢાની વાત નકાબ, યુદ્ધ સમાપ્તિની વાતુંને અણુ મથક પર હુમલાને ફૂલછાબે પ્રથમ પાને છાપ્યા છે.